


**નટવર નાનો રે કાનો રમે છે મારી કેડ માં.....**

અરવલ્લી જિલ્લામાં નવરાત્રી મહોત્સવમાં નવલા નોરતાના ચોથા નોરતામાં યુવાધન હિલોળે ચડ્યું હતું. પ્રાચીન અર્વાચીન ગરબામાં નિત નવી સ્ટાઈલ અને અવનવા ટ્રેડિશનલ કપડાં ધારણ કરી ખેલૈયાઓ મોડાસાના નવરાત્રીના મેદાનોમાં ઉમટી પડ્યા હતા. ધીરે ધીરે નવરાત્રી જામતી જાય છે અને મોટી સંખ્યામાં લોકો માંની આરાધનામાં ઉમટી પડે છે. રામપાર્ક યુવક મંડળ દ્વારા પત્રકારો માતાજી છબી આપીને સન્માનવામાં આવ્યા હતા.

# પ્રાંતિજ સહિત વિસ્તારોમાં નવરાત્રીનો રંગ જામ્યો

## યંત્ર યુગમાં પણ શેરી ગરબાનું મહત્વ વધ્યુ : અવનવી સ્ટાઈલમાં ગરબા રસિકો ગરબે ધુમતા નજરે પડ્યા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં જગતજનની મા જગદંબાનું આરાધના પર્વ નવરાત્રી શ્રધ્ધા-ઉમંગભેર ઉજવાઇ રહી છે. ત્યારે ચોથા નોતરે પ્રાંતિજમાં પણ વિવિધ વિસ્તારોમાં ગરબે ધુમતા ખેલૈયાઓએ મોડી રાત્ર સુધી ગરબાની ધૂમ મચાવી હતી.

જગત- જનની મા અંબા-જગંદબાના નવ સ્વરૂપના આરાધના પર્વ નવલા નૌરતાની ગરબાઓની રમઝટ વચ્ચે ભકિતભાવ પૂર્વક ઉજવણી કરાઇ રહી છે. ત્યારે પ્રાંતિજમાં નવરાત્રીનો રંગ જામ્યો છે. જેમાં



કડવા પાટીદાર યુવક મંડળ, વિશ્વકર્મા યુવક મંડળ, શાન્તીનાથ સોસાયટી, તપોધનફડી, લાલ દરવાજા, નવાધરા, ગોપીનાથ સોસાયટી સહિતના વિસ્તારોમાં યંત્રયુગમાં પણ વર્ષોથી ચાલી આવતાં શેરી ગરબાનુ મહત્વ જાણે ડીઝે અને ગાયક કલાકારો વચ્ચે પણ અકબંધ છે અને વધારો થયો તેમ નગરજનો બહાર પાર્ટી પ્લોટોમાં જવાને બદલે શેરીઓમાં ગરબા ગાવાનું વધારે પસંદ કરે છે અને નાના બાળકોથી લઈને વયોવૃદ્ધ પણ નવરાત્રી નવ દિવસ ગરબે ઘુમતા નજરે પડે છે. ત્યારે પ્રાચીન ગરબા સાથે ખેલૈયાઓ તાલ મેળવીને પાવન નવરાત્રી પર્વની ઉજવણી થઇ રહી છે. ત્યારે આ વર્ષે જાણે પ્રથમ નોરતેથી નવરાત્રીનો રંગ જામ્યો છે. ત્યારે ખેલૈયાઓ મન મુકીને ગરબા ચોકમાં ગરબે ધૂમી મા ની આરાધનામાં જોડાયાં છે.



સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં નવલી નવરાત્રીની ધામધુમ અને ભક્તિભાવ પુર્વક દબાદબાભેર ઠેર-ઠેર ઉજવણી યોજાઈ રહી છે. સોનલ ગરબો શિરે અંબે માં ચાલો ધીરે ધીરે... તારા વિના શ્યામ મને એકલડું લાગે... ગબ્બરથી ઉતર્યો વાઘ રે ઓ મારી અંબાજી મા... કેસરીયો રંગ તને લાગ્યો હો ગરબા...આવતા જતાં જરા નજર તો નાખતા જજો... અવનવા પ્રાચિન,અર્વાચિન ગરબા ડી.જે.ના તાલે ખેલેયાઓ, ભાવિક ભક્તો, અબાલ, વૃધ્ધ, નાના-મોટા સૌ-કોઈ ગરબાના તાલે હિલોળે ચડ્યા છે. નવરાત્રીનું પાવન પર્વ જોતજોતામાં આજે ચાર નોરતા પુર્ણ થઈ ગયા છે. નવરાત્રી દરમ્યાન મોડી રાત સુધી ઉજવણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ભિલોડા તાલુકામાં નવરાત્રી યૌવનનો ધનઘનાટ જોવા મળી રહ્યો છે.યુવાધનની સાથે સાથે આબાલ-વૃધ્ધો પણ ગરબે ઘુમી શક્તિની આરાધના કરી રહ્યા છે. ખેલૈયાઓ વિવિધ પ્રકારના અવનવા વસ્ત્રાભુષણોમાં સજ્જ ખેલૈયાનું તાદાતમ્ય સધાઈ રહ્યું છે. ખેલૈયાઓમાં અનેરો ઉમંગ, ઉત્સાહ અને આસ્થાના સમન્વયથી માહોલ શક્તિમય બન્યો છે.



**ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં ગરબા યોજાયા**

ખેડબ્રહમાંની કે.ટી. હાઈસ્કૂલમાં સોમવારે ચૂંટણીમાં મત અમારો એ હક અને ફરજ બને છે તેવું સમજાવતા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સ્કૂલના આચાર્ય વિભાસભાઈ રાવલ, શાળાના પ્રમુખ અશ્વિનભાઈ જોશી તથા શાળા પરિવાર હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# પ્રાંતિજમાં ગાયને ટ્રકે ટક્કર મારતાં છેલ્લાં બે દિવસથી રોડ વચ્ચે પડી છે

## જીવદયાપ્રેમીઓ દ્વારા ગાયને બે દિવસથી રોડ ઉપર જ સારવાર અપાય છે

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર ટ્રક ચાલકે ગાયને અફડફેટ લેતા શરીરે તથા પગે ઈજાઓ થતાં છેલ્લાં બે દિવસથી ઉપર પડી રહી હતી. ત્યારે કેટલાક જીવદયા પ્રેમીઓને ખબર પડતાં ગાયને ખસેડવાનો પ્રયત્ન કર્યો હતો પણ ગાય ઉભી થઈ શકી નહી જેથી રોડ ઉપર ગાયના ફરતે આડ કરી



ગાય રોડ ઉપર જ પડી છે. ત્યારે કેટલાક જીવદયા પ્રેમીઓ દ્વારા બે દિવસથી ગાયને રોડ ઉપર જ સારવાર આપવામાં આવી રહી છે.

પ્રાંતિજ એપ્રોચરોડ ગંગોત્રી પાર્ક સોસાયટી આગળ બે દિવસ પહેલાં એક ટ્રક ચાલકે ગાયને અડફટે લઈ તેને શરીરે તથા પગે ઈજાઓ પોહાચાડી હતી. જયારે ગાય ઉભી પણ ના થઈ શકતાં રોડ પશું ડાંકટરોની મદદથી ગાયને બે દિવસ ઘટનાસ્થળે જ રોડ ઉપર સારવાર આપવામા આવી રહી છે. ત્યારે ગાય માલિક કે સ્થાનિક જવાબદાર તંત્ર રોડ વચ્ચે પડેલ ગાયને જોવા પણ આવ્યું નથી. ત્યારે કેટલાક જીવદયા પ્રેમીઓ દ્વારા છેલ્લાં બે દિવસથી ગાયને રોડ ઉપર જ સારવાર આપવામાં આવી રહી છે.

# મોડાસામાં શ્રી પ્રાણનાથ જાગણી રથનું ભવ્યાતિભવ્ય સ્વાગત

## શોભાયાત્રામાં પ્રણામી સંપ્રદાયના હજ્જારો અનુયાયીઓ ઉમટ્યા : જાગણી રથમાં કેનેડા, નેપાળ, ભુતાનના અનુયાયીઓએ અનોખું આકર્ષણ જમાવ્યુ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં વિશ્વ પ્રણામી પરિસદ દિલ્હી આયોજિત શ્રી પ્રાણનાથજી ચતુર્થ મહોત્સવ નિમિત્તે શ્રી પ્રાણનાથજી જાગણી રથયાત્રા "તીનો પુરી ધામ"શ્રી ૫ નવતન પુરીધામ મોડાસામાં રવિવારે સાંજના ૫ વાગ્યાનાના સુમારે કોલેજ રોડ પર જાગણી રથનું આગમન થતાની સાથે જ "મંદિરમાં કોણ છે શ્રી પ્રાણનાથ છે" ના જયઘોષના નારાઓ સાથે વાતાવરણ ભક્તિમય બન્યું હતું,જાગણી રથનું અરવલ્લી-હજ્જારોની સંખ્યામાં ભક્તો જોડાતા વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. શોભાયાત્રા મોડાસાના માલપુર રોડ પર આવેલા વિશ્વ હિન્દુ પરિસદના મેદાનમાં સત્સંગ સભામાં પરિવર્તિત થઈ હતી જ્યાં ભોજન પ્રસાદનો લાભ સાથે લીધો



જામનગરથી પ્રસ્થાન થઈ શ્રી મહામંગલપુરી ધામ સુરત થઈ રવિવારે મોડાસા આવી પહોંચતા ભવ્યાતિભવ્ય પ્રણામી સંપ્રદાયના ભક્તો દ્વારા સ્વાગત કરી મોડાસાના માર્ગો પર શોભાયાત્રા નીકળતા શ્રદ્ધાળુઓ હિલોળે ચઢ્યા હતા. જાગણી રથમાં સંતો, મહંતો સાથે કેનેડા, નેપાળ, ભુતાન, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ સહિતના પ્રણામી અનુયાયીઓએ શોભાયાત્રામાં ભક્તિમાં લીન બની ગયા હતા. સાબરકાંઠાના પ્રણામી સંપ્રદાયના અનુયાયીઓ અને મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલ અને અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી દ્વારા રાજજી મહારાજની આરતી ઉતારી આશીર્વાદ લીધા હતા અને સંતો, મહંતોનું ભવ્ય સ્વાગત કરી મોડાસા શહેરમાં જાગણી રથની ભવ્ય શોભાયાત્રામાં વિવિધ મહિલા ભજન મંડળીઓ અને અન્ય ગ્રામ્ય વિસ્તારની ભજન મંડળીઓ સહીત હતો. જાગણી રથમાં પ્રયાણ કરનાર એન.આર.આઈ અને અન્ય રાજ્યનો સુંદરસાથ ભવ્ય સ્વાગત અને શોભાયાત્રા નિહાળી અભિભૂત બની ગયા હતા. રાત્રી રોકાણ બાદ સોમવારે વહેલી સવારે ઉદેપુર જવા પ્રસ્થાન કર્યુ હતું. વાય.બી.એ, દબંગ ગ્રુપ અને કુલજમ ગ્રુપની યુવા ટીમે શોભાયાત્રાને સફળ બનાવવા અને કોઈ ભવ્ય શોભાયાત્રામાં અરાજકતા ન સર્જાય તે માટે સતત સરાહનીય કામગીરી કરી હતી.

# મોડાસાના કોલીખડ પાટિયા નજીક વિચિત્ર અકસ્માત કાર, બોલેરો જીપ સાથે અથડાયા બાદ બસ અને ટ્રક અથડાયા : સદ્નસીબે જાનહાની ટળી

મોડાસા, તા. ૨૫

મોડાસા-ધનસુરા રાજય ધોરીમાર્ગે પર આવેલા કોલીખડ ગામના પાટિયા નજીક સોમવારે વહેલી સવારે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો જેમાં સ્વીફ્ટ કાર મોડાસાથી ધનસુરા તરફ જતા બોલેરો કાર સાથે અથડાયા પછી બસ સાથે ટક્કર થતા કાર રોડની બાજુમાં રહેલા ખાડામાં ઉતરી ગઈ હતી કારને બચાવવા જતા એસ.ટી બસ ટ્રક સાથે અથડાતા ભારે અફડાતફડી મચી હતી. સદ્નસીબે જાનહાની ટળતાં અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અકસ્માતની ઘટના બનતા ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

અનુસાર ભેસાવાડા ગામનો એક પરિવાર સોમવારે સવારના ૭ વાગ્યાના સુમારે સ્વીફ્ટ ડિઝાયર કારમાં મોડાસાથી ભેસાવાડા જઈ રહ્યો હતો ત્યારે કોલિખડ પાટિયા નજીક એક બોલેરો જીપ સાથે અથડાયા પછી ધનસુરા તરફથી આવતી અમદાવાદ-મોડાસા એસટી બસની અડફેટે આવી જતા સ્વીફ્ટ કાર બસની ટક્કરથી મોડાસા તરફ ફરી ફંટાઈ રોડની બાજુ ખાડામાં ઉતરી પડી હતી. કારના ભુકેભૂક્કા નીકળી ગયા હતા. કારને બચાવવા જતા એસટી બસ ટ્રક સાથે અથડાતા ભારે અફડાતફડી મચી હતી. ધડાકાભર ચાર વાહનો એકબીજા સાથે અથડાતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા સબનસીબે જાનહાની ટાળતા લોકોના મોઢામાંથી રામ રાખે તેને કોણ ચાખેના શબ્દો સરી પડ્યા હતા. અકસ્માતના પગલે ટ્રાફિક જામના દ્રશ્ય સર્જાયા હતા. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી આ અકસ્માતની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ ન હોવાનું મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનથી જાણવા મળ્યું હતું.

# ખેડબ્રહ્મા શહેરમાં જામ્યો નવરાત્રી મહોત્સવ

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા શહેર વાસણારોડ, સાઈનાથ સોસાયટી, રામેશ્વરનગર, માતાજી મંદિર, મહાકાળી મંદિર તેમજ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં જામ્યો રંગ ખૈલેયામા લાગી હરીફાઇ. શેરી ગરબાનુ દિવસે દિવસે મહત્વ વધી રહયું છે. જ્યારે અંબીકામાતાજી મંદિર માં ૧૮ કીલો ચાંદીથી મઢેલી માડવી આ વર્ષે ખાસ આકર્ષણનુ કેન્દ્ર બની છે. મોડી રાત્રે સુધી ખૈલેયા નવરાત્રીની મોજ માણી રહ્યા છે.




મોડાસામાં સતત ૨૫ વર્ષથી ફક્ત ૨ રૂપિયામાં દર્દીઓ અને જરૂરિયાતમંદ લોકોને સાત્વિક ટિફિન સેવા પૂરું પડતી અન્નપૂર્ણા ટ્રસ્ટના માલપુર રોડ પર આવેલા મુખ્ય શાખા સહીત મોડાસામાં સાર્વજનિક હોસ્પિટલમાં, બસ સ્ટેન્ડ પાછળ, ક્રિષ્ના હોસ્પિટલમાં ત્રણ સબ સેન્ટર શરુ કર્યા બાદ શામળાજી રોડ પર આવેલી હોસ્પિટલોમાં સારવાર અર્થે આવતા દર્દીઓ અને તેમના સગાં સંબંધી અને શુદ્ધ અને સાત્વિક ભોજન ૨ રૂપિયાના ટોકન ચાર્જમાં સુવિધા મળી રહે તે માટે સોમવારે અલ્ટ્રા કોમ્પલેક્ષ નજીક ચતુર્થ સબ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. અરુણભાઈ શાહ, દિલીપભાઈ પટેલ અને પ્રો. નટુભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# રાધનપુરની બી.જે. ગઢવી બી.એફ. કોલેજમાં નવરાત્રી મહોત્સવની રમઝટ

રાધનપુર, તા. ૨૫

શ્રી કરણી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બી.જે. ગઢવી બી.એફ. કોલેજ રાધનપુર ખાતે મા આદ્યશક્તિના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ માતાજીની આરતી કરવામાં આવી હતી. મહોત્સવમાં તમામ તાલીમાર્થીઓ ભાતીગળ સંસ્કૃતિના વેષ પરિધાન સજ્જ થઈ ગરબે ઘુમ્યા હતા. આનંદ કિલ્લોલ સાથે રાસ-ગરબાની રમઝટ તમામ તાલીમાર્થીઓએ જમાવી હતી. આ પ્રસંગે સંસ્થાના મંત્રી ગઢવીભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સાથે આચાર્ય ડૉ. મનીષાબેન વ્યાસ, પ્રો. દિલીપભાઈ પ્રજાપતિ, પ્રો. શૈલેષભાઈ યોગી, પ્રો. અમિતકુમાર સોલંકી, પ્રો. સ્નેહલબેન કાપડીયા, પ્રો. જીગ્નાબેન ઠક્કર, પ્રો. કૌશલભાઈ વ્યાસ, ગ્રંથપાલ રામજીભાઈ પટેલ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. અંતે તાલીમાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. મનીષાબેન વ્યાસે સર્વને નવરાત્રી પર્વની શુભેચ્છા પાઠવી હતી.

